# <u>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ</u>

તા.૧૭/૦૯/૨૦૨૬

**<u>જાહેરાત ક્રમાંક: ૨૪/૨૦૨૫ અન્વયેની અધિક મદદનીશ ઇજનેર, ટેકનિકલ આસિસ્ટન્ટ (કોમ્પ્યુટર) અને જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ ની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષામાં ૪૦% માર્કસથી ઉત્તિર્ણ થનાર ઉમેદવારો માટેની પરીક્ષા-B માટેની સુચનાઓ.</u>**

| ક્રમ | જગ્યાનું નામ | પરીક્ષા-B ની પધ્ધતિ | પરીક્ષાનો સમય | પરીક્ષાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | અધિક મદદનીશ ઈજનેર | Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિ | બપોરે ૦૩.૦૦ કલાકે | તા.૨૬/૦૯/૨૦૨૬ |
| ૨ | ટેકનિકલ આસિસ્ટન્ટ(કોમ્પ્યુટર) | Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિ | બપોરે ૦૩.૦૦ કલાકે | |
| ૩ | જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ | કૌશલ્ય કસોટી (Skill Test) | બપોરે ૦૨.૦૦ કલાકે | |
| **પરીક્ષાનું સ્થળ : ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્ડ આઈ. ટી., હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી કેમ્પસ, પાટણ** | | | | |

| ક્રમ | સુચનાઓ |
|---|---|
| ૧ | પરીક્ષા – B માટે લાયક થયેલ ઉમેદવારોની સીટ નંબર સાથેની યાદી યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. |
| ૨ | ઉકત જગ્યાઓ અન્વયે પરીક્ષા – B માટે લાયક થયેલ ઉમેદવારોને પરીક્ષા – B માટેની હોલ ટીકીટ / કોલલેટર અરજીમાં દર્શાવેલ ઈ-મેઇલ પર મોકલી આપવામાં આવશે. |
| ૩ | પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારે યુનિવર્સિટી ધ્વારા મોકલી આપેલ ઈ-મેઇલની નકલ અને ઈ-મેઇલ સાથે મોકલી આપેલ હોલ ટીકીટ / કોલલેટરમાં પોતાનો કલર ફોટો ચોંટાડી પરીક્ષા સમયે પોતાની સાથે અચુક લાવવાનો રહેશે અન્યથા ફોટો વગરના હોલ ટીકીટ / કોલલેટર લઈને આવેલ ઉમેદવારોને લેખિત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલ હોય તદ્દન તેવો જ ફોટો હોલ ટીકીટ / કોલલેટરમાં ચોંટાડવો ફરજીયાત છે. |
| ૪ | ઉમેદવારે પરીક્ષા – B માટેના પરીક્ષા કેન્દ્ર ખાતે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. |

| | |
|---|---|
| ૫ | પરીક્ષામાં હાજરી આપતી વખતે ઉમેદવારની ઓળખ માટે ચુંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાડ' અને આધારકાર્ડ પૈકી કોઈપણ ૦૧ (એક) ફોટાવાળું ઓળખપત્ર અસલમાં તથા તેની ૦૧ (એક) નકલ સાથે રાખવાની રહેશે. |
| ૬ | ઉમેદવારને પરીક્ષાખંડમાં જે OMR Sheet આપવામાં આવશે, તેની ઉપર નિયત કરેલ જગ્યાએ ઉમેદવારે ફરજીયાતપણે સહી કરવાની રહેશે. |
| ૭ | પરીક્ષાના દિવસે આપને ફાળવેલ પરીક્ષા કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર ખાતે પરીક્ષા શરૂ થયાના ૦૧ (એક) કલાક પહેલાં ઉપસ્થિત થવાનું રહેશે અને સિક્યુરીટી સ્ટાફ દ્વારા ચકાસણી થયા બાદ આપને ફાળવેલ વર્ગખંડમાં આપની બેઠક ઉપર પરીક્ષા શરૂ થયાના અડધા કલાક પહેલાં હાજર થવાનું રહેશે. ત્યારબાદ ઉમેદવારને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહી. |
| ૮ | ઉમેદવારોએ આપવામાં આવેલ OMR શીટમાં સીટ નંબર આંકડામાં દર્શાવવાનો રહેશે તથા OMR શીટમા જે તે પ્રશ્નના ક્રમ સામે દર્શાવેલ ઉત્તર A/B/C/D/E પૈકી યોગ્ય જવાબના ખાનામાં બ્લુ/બ્લેક બોલ પેનથી સંપૂર્ણ આ પ્રમાણે ● ઘુંટીને યોગ્ય જવાબ દર્શાવાનો રહેશે. |
| ૯ | OMRના મૂલ્યાંકન માટે આપના ખોટા જવાબ, ૦૧ (એક) કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ તથા છોડી દીધેલ જવાબોને નેગેટિવ માર્કિંગ આપવામાં આવશે. |
| ૧૦ | ઉમેદવાર જો OMR શીટ ભરવામાં ભૂલ કરશે તો OMR શીટ રદ ગણીને કોમ્પ્યુટર દ્વારા ચકાસણી થશે નહિ, જેની તમામ જવાબદારી ઉમેદવારની અંગત રહેશે. OMR શીટ ઉપર અન્ય કોઈ લખાણ કે ઓળખ અંગેના ચિહ્ન કરવા નહી અન્યથા ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૧૧ | OMR શીટ માં જવાબ દર્શાવવા માટે બ્લુ / બ્લેક રંગની બોલ પેનનો ઉપયોગ જ કરવાનો રહેશે અન્ય રંગની બોલ પેનનો ઉપયોગ પ્રતિબંધિત છે. પેન્સિલનો ઉપયોગ કર્યો હશે તો ક્ષતિયુક્ત OMR શીટ રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહિ તો તે અંગેની જવાબદારી ઉમેદવારની રહેશે. સફેદ શાહી (વ્હાઈટનર) નો ઉપયોગ પ્રતિબંધિત છે. |
| ૧૨ | ઉમેદવારે લેખિત પરીક્ષાની શરૂઆતમાં હોલ ટીકીટ / કોલલેટરનું અડધિયું, ઓળખપત્રની ૦૧ (એક) નકલ તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી પોતાની OMR શીટ પરીક્ષાખંડના નિરીક્ષકશ્રીને પરત સોંપ્યાબાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને ફોજદારી સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર બનશે. |
| ૧૩ | ઉમેદવાર પરીક્ષાખંડમાં પ્રવેશપત્ર, પેન, સાદી કાંટાવાળી ઘડિયાળ અને ઓળખના અસલ પુરાવા અને તેની ૦૧ (એક) નકલ સિવાય કોઈ પણ ચીજવસ્તુઓ સાથે રાખી શકશે નહીં. ઉમેદવારે કોઈ પણ પુસ્તક, કાગળ, સાહિત્ય, સ્માર્ટ વોચ, મોબાઇલ (સ્વીચ ઓફ કે સાઇલેન્ટ મોડમાં કરેલ હશે તો પણ), કેલ્ક્યુલેટર, બ્લૂટૂથ, ઇયર ફોન વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો રાખવા નહીં. આવી વસ્તુઓ ઉમેદવારની પાસેથી મળી આવી તો સદર ઉમેદવાર ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ સદર વસ્તુઓ જપ્ત કરવામાં આવશે અને શિસ્તભંગના ફોજદારી પગલાં લેવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૪ | ઉમેદવારે રફ કામ પ્રશ્ન પુસ્તિકામાં પાછળની બાજુએ કરવાનું હોવાથી અલગ રફ શીટ આપવામા આવશે નહીં તેમજ ઉમેદવાર પોતે પણ રફ કામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં. |
| ૧૫ | ઉમેદવાર ગેરરીતિ / ગેર શિસ્ત આચરતા જણાશે, તો ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા ઉપરાંત ફોજદારી પગલાં સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર રહેશે. |
| ૧૬ | ઉમેદવારોને લાંચ, રુશ્વત, લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક પ્રવૃતિઓથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે. |
| ૧૭ | પરીક્ષા ચાલુ થયા પછી જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ ઉમેદવાર પરીક્ષા વર્ગખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થતાં વર્ગખંડ નિરીક્ષક રજા આપે ત્યારબાદ જ ઉમેદવારે વર્ગખંડ છોડવાનો રહેશે. ઉમેદવારો માટે પીવાના પાણીની સગવડ વર્ગખંડમાં કરવામાં આવેલ છે. |
| ૧૮ | ઉમેદવારોને વખતો વખતની સૂચના માટે વેબસાઈટ જોતા રહેવા જણાવવામાં આવે છે. |
| ૧૯ | જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ની કૌશલ્ય કસોટી દરમ્યાન ટાઇપીંગ માટે ફાળવેલ કોમ્પ્યુટરમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહી તેની ફરજીયાત ખાત્રી કરી લેવી જો કોઇ મુશ્કેલી જણાય તો પરીક્ષા શરૂ થાય તે પહેલાં પરીક્ષાખંડના નિરીક્ષકશ્રીનો સંપર્ક કરી મુશ્કેલીનું નિવારણ કરી લેવાનું રહેશે. પરીક્ષા શરૂ થયા બાદ કોઇ રજૂઆતની તક આપવામાં આવશે નહી. |
| ૨૦ | ગુજરાતી ટાઇપિંગ માટે નિયત થયેલ ફોન્ટ (શ્રુતિ) નો જ ઉપયોગ કરવાનો રહેશે, જેમાં કોઈ ફેરફાર કરવાની છૂટ મળશે નહીં. |
| ૨૧ | જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ની કૌશલ્ય કસોટી દરમ્યાન ટાઇપીંગ માટે આપેલા પેરેગ્રાફને નિર્ધારિત સમયમાં ટાઈપ કરવાનો રહેશે. |
| ૨૨ | જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ની કૌશલ્ય કસોટી દરમ્યાન સમય**મર્યાદામા** દરેક સેક્શન અથવા આખી પરીક્ષા માટે ચોક્કસ સમય ફાળવવામાં આવેલ સમયમાં આખો પ્રશ્ન પૂર્ણ કરવો અનિવાર્ય છે. |
| ૨૩ | જુનિયર સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ની કૌશલ્ય કસોટી માટે તમને પરીક્ષાખંડમાં પ્રશ્નપત્રની હાર્ડ કોપી (પેપર) આપવામાં આવશે, જેમાં લખેલી તમામ સૂચનાઓ વાંચીને જ તમારે લઘુલીપી તથા ટાઇપીંગ કરવાનું રહેશે |
| ૨૪ | **ફાઈલ સેવ કરવી (Saving the Files):** ગુજરાતી તથા અંગ્રેજી પેરેગ્રાફ ટાઇપ કર્યા પછી ફાઈલને આપેલ સૂચના મુજબ યોગ્ય ફોલ્ડરમાં **Save** કરવાનું ભૂલશો નહીં. જો ફાઈલ સેવ નહીં થાય, તો માર્ક્સ મળશે નહીં. |
| ૨૫ | યુનિવર્સિટી તરફથી વખતોવખત જે ચુકાદો / નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે. પરીક્ષા અંગે ઉપસ્થિત થનાર કોઈ પણ પ્રશ્ન અંગે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે અને કાર્યકારીક્ષેત્ર પાટણ રહેશે. |
| ૨૬ | પરીક્ષાખંડમાં ધુમ્રપાન/ માવા-તમાકુ/ ચા-કોફીનું સેવન પર સંપૂર્ણ નિષેધ છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી. |